દમણના દરિયામાં ડૂબેલા યુવાનની લાશ મળી

સુરતથી દમણ ફરવા આવેલા 2 પૈકી એક નશામાં દરિયામાં નાહ્યા ગયા બાદ લાશ મળી આવી

દમણ : સંઘપ્રદેશ દમણ ફરવા આવેલા સુરતના બે મિત્રોમાંથી દારૂના નશામાં દરિયામાં નહાવા પડેલા યુવાનનું ડૂબી જતા મોત નીપજ્યું હતુ. ઘટનાના ત્રીજા દિવસે યુવાનનો મૃતદેહ કિનારેથી મળી આવ્યો હતો.

રવિવારે સુરતના કતારગામ વિસ્તારમાં રહેતા મિત્રો સૌરભ વિશ્વકર્મા અને ઉમેશ સિંહ દમણ ફરવા આવ્યા હતા. દારૂનો નશો કર્યા બાદ ઉમેશ રેતીમાં સૂઈ ગયો હતો, જ્યારે સૌરભ કપડાં કાઢીને દરિયામાં નહાવા પડ્યો હતો. ઊંડા પાણીમાં ખેંચાઈ જવાથી સૌરભ ડૂબવા લાગ્યો હતો, જે જોઈને એક રાહદારીએ ત્વરિત પોલીસને જાણ કરી હતી.

માહિતી મળતા જ દમણ પોલીસ, ફાયર વિભાગ અને એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ દરિયામાં ભારે શોધખોળ હાથ ધરી હતી, પરંતુ મોડી સાંજ સુધી અને બીજા દિવસે પણ તેનો પત્તો લાગ્યો ન હતો. આખરે મંગળવારની સવારે ડૂબેલા યુવાન સૌરભની લાશ નજીકના નાની દમણ જેટી દરિયા કિનારેથી જ મળી આવી હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી છે અને આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની આગળની તપાસ હાથ ધરી છે.

વલસાડમાં ABVPની સરપ્રાઇઝ મુલાકાતમાં સડેલા ટામેટાં અને ગંદકીની પોલ ખુલી

વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે ચેડાં

હોસ્ટેલના રસોડામાં એક્સપાયરી ડેટવાળી સામગ્રી અને પીવાની ટાંકીમાં ગંદકી મળતા વાલીઓમાં રોષ

વલસાડ : વલસાડમાં આવેલી નૂતન કેળવણી મંડળ સંચાલિત બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે ગંભીર ચેડાં થઈ રહ્યાં હોવાની ચોંકાવનારી બાબત સામે આવી છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) વલસાડ વિભાગના હોદ્દેદારો અને કાર્યકરોએ અચાનક હોસ્ટેલની મુલાકાત લેતાં ભોજન અને સ્વચ્છતાની પોલ ખુલી ગઈ હતી.

મુલાકાત દરમિયાન હોસ્ટેલના રસોડાની સ્થિતિ અત્યંત દયનીય જોવા મળી હતી. કાર્યકરોના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થીઓ માટે તૈયાર થતા ભોજનમાં સડેલા ટામેટાં અને એક્સપાયરી ડેટ વટાવી ચૂકેલા પાપડ સહિતની હલકી ગુણવત્તાવાળી ખાદ્યસામગ્રીનો ઉપયોગ થઈ રહ્યો હતો. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ જે પાણી પીવે છે તે પાણીની ટાંકીમાં પણ ભારે ગંદકી જોવા મળી હતી, જેના કારણે વિદ્યાર્થીઓના આરોગ્ય સામે મોટો ખતરો ઊભો થયો છે.

આ સરપ્રાઇઝ મુલાકાતમાં ABVPના હોદ્દેદારો અક્ષત શાહ, ભવ્ય જોશી, પરિતા દેસાઈ, પ્રથમ ત્રિપાઠી, વિજય ભરવાડ અને નચિકેત સહિતના કાર્યકરો જોડાયા હતા. હોસ્ટેલ પરિસરમાં જોવા મળેલી બેદરકારી જોઈને સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા.

જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ

હોસ્ટેલમાં રહેતા નિર્દોષ વિદ્યાર્થીઓને પીવાનું શુદ્ધ પાણી અને ગુણવત્તાયુક્ત પૌષ્ટિક આહાર મળી રહે તે મૂળભૂત અધિકાર છે. ત્યારે આ ગંભીર બેદરકારી સામે આવતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સમગ્ર મામલે હોસ્ટેલ સંચાલકો તેમજ વહીવટી તંત્ર દ્વારા તટસ્થ તપાસ હાથ ધરીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઊઠી છે.

છરવાડામાં પતિએ ચાકુના ઘા ઝીંકી પત્નીને મોતને ઘાટ ઉતારી

ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારથી હુમલો કરનાર પતિને સ્થાનિકોની મદદથી પોલીસે ઝડપી લીધો

વાપી : વાપી નજીકના છરવાડા સ્થિત સાંઈ સંસ્કાર રેસીડેન્સી આવેલી છે. જે રેસીડેન્સીના સી બિલ્ડીંગમાં રહેતા એક પરિવારના દંપતિ વચ્ચે ઘરમાં કોઈ વિવાદને પગલે બંને વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં પતિ ઉશ્કેરાઈ ગયો હતો અને પત્ની ઉપર ચાકુ વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધી હતી. આ બનાવ અંગેની જાણ થતાં જ વાપી ડુંગરા પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી.

મળતી વિગત અનુસાર, વાપી નજીકના છરવાડામાં આવેલી સાંઈ સંસ્કાર રેસીડેન્સીના સી બિલ્ડીંગમાં રહેતા પરેશ કટારીયા અને પત્ની સીમા વચ્ચે ઘરમાં કોઈ વિવાદને પગલે ઝઘડો થયો હતો. જેથી ઉશ્કેરાયેલા પતિ પરેશે ચાકુ વડે પત્નીના ગળા ઉપર મારી દીધું હતું. આ ઘટનાને પગલે આસપાસના લોકો ભેગા થઈ ગયા હતાં. બનાવ અંગેની જાણ તરત જ પોલીસને કરવામાં આવી હતી અને લોકોએ હુમલો કરનારને ઝડપી પાડ્યો હતો. બનાવ સ્થળે વાપી ડુંગરા પોલીસ ટીમ અને 108 આવી પહોંચી હતી.

ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારને લઈ પત્ની સીમાનું મોત નિપજ્યું હતું. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી વાપી ડુંગરા પોલીસ ટીમે પત્નીને મોતને ઘાટ ઉતારનાર પતિની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

યુવતીને મુંબઈ બોલાવી વ્હિસ્કી-ડ્રગ્સ પીવડાવી દુષ્કર્મનો પ્રયાસ

યુવતીના હોઠના ભાગે બચકું ભરી લીધું

વાપી ડુંગરા પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી

વાપી : વડોદરા રહેતી અને પારૂલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી 20 વર્ષીય યુવતીને મુંબઈના ગેસ્ટ હાઉસમાં લઈ જઈ આબરૂ લેવાના ઇરાદે વ્હિસ્કી અને ડ્રગ્સનું સેવન કરાવ્યુ હતુ. યુવતી બેભાન હતી તે દરમિયાન એક આરોપીએ તેના હોઠના ભાગે બચકું ભરી લીધું હતું. આરોપીઓએ ભેગા મળી યુવતીને મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે વાપી ડુંગરા પોલીસે બેની ધરપકડ કરી ત્રણ આરોપીઓ પોલીસ પકડથી દૂર છે.

વડોદરાની યુવતીને (1) ફૈઝાન મુલતાની અને (2) સલમાન (બંને રહે. સુરત), (3) ફરીદ કોઠીયાવાલા, (4) સફાન શેખ (રહે. વડોદરા) અને (5) વસીમે મુંબઈના અંધેરી બોલાવી હતી. ત્યારબાદ યુવતીને ગેસ્ટ હાઉસમાં લઈ જઈ આબરૂ લેવાના ઇરાદે વ્હિસ્કી અને ડ્રગ્સનું સેવન કરાવ્યું હોવાનો આક્ષેપ છે. યુવતી બેભાન થઈ જતાં સફાન જફર શેખે તેના હોઠના ભાગે બચકું ભર્યું હતું. બાદમાં તમામે યુવતીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ ઘટનાને પગલે યુવતીની તબિયત લથડતાં તેને વાપીની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી. યુવતીની હાલત જોઈ હોસ્પિટલના તબીબે વાપી ડુંગરા પોલીસને જાણ કરી હતી. જેથી સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. પોલીસે યુવતીની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે સફાન જફર શેખ અને ફરીદ વાહીદ કોઠીયાવાલાની ધરપકડ કરી છે, જ્યારે અન્ય ત્રણ આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસ તેજ કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

ધામણીના ગામોમાં સ્માર્ટ મીટર લગાવ્યા બાદ વીજબીલ વધુ આવતા રજુઆત

વલસાડ : કપરાડા વીજ કચેરી સંલગ્ન ધરમપુર તાલુકાના ધામણી તાલુકા પંચાયત વિસ્તારના ગામોમાં વીજ બિલ વધુ આવવું, સ્માર્ટ મીટર લગાવ્યા બાદ વીજબિલમાં અચાનક વધારો સહિતના મુદ્દે મોટી સંખ્યામાં વીજ ગ્રાહકોએ કપરાડા વીજ કચેરીએ પહોંચી અધિકારીને ધામણી તા. પં. બેઠકના સભ્ય સવિતા બારિયાના લેટર પેડ સાથેનું આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, છેલ્લા 5 થી 6 મહિનાથી અગાઉના બિલની સરખામણીમાં વધુ બિલ આવે છે. સ્માર્ટ મીટર બાદ તો અગાઉ જેનું 200 રૂપિયા બિલ આવતું તેનું 700 થી 800 આવી રહ્યું છે. પ્રતિ મહિને બિલ પણ આવતું નથી. જો આ મુદ્દે ઘટતું કરવામાં ન આવશે તો વીજ કચેરીનો ઘેરાવ કરવાની ફરજ પડશે. સાથે અમને સ્માર્ટ મીટરની કોઈ જરૂરિયાત નથી જેથી તે મીટર બંધ કરવાનો ઉલ્લેખ પણ કરાયો છે.

ચીખલી કોલેજની વિદ્યાર્થિનીઓની હોકીમાં રાષ્ટ્રીય કક્ષાએ ઝળહળતી સિદ્ધી

ધેજ : ચીખલી કોમર્સ કોલેજની ટી.વાય. બી.એ.ની વિદ્યાર્થિની ગવલી દેવયાની અશોકભાઇ અને એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થિની વધુ કલ્પના સુભાષભાઇની યુનિની હોકી બહેનોની ટીમમાં પસંદગી થઇ છે. યુનિવર્સિટી ઓફ જયપુર- રાજસ્થાન ખાતે યોજાનારી વેસ્ટ ઝોન ઇન્ટર યુનિવર્સિટી હોકી બહેનોની સ્પર્ધા 2026-27 માં ભાગ લેવા જનારી યુનિ. સુરતની હોકી બહેનોની ટીમનું સિલેક્શન યુનિ. સુરતનાં મેદાન પર થયું હતું. જેમાં 52 બહેનોએ ભાગ લીધો હતો. ગવલી દેવયાની અને વધુ કલ્પનાની ઉત્કુષ્ટ રમતને જોતા સિલેક્ટરોએ તેમની પસંદગી 18 ખેલાડીઓની હોકી ટીમમાં કરી છે. જેઓને તાલીમ કોલેજનાં શા.શિ. નાં આસિ. પ્રોફેસર ડો. જયમલ નાયકે પુરું પાડેલું હતું. આ સિદ્ધી બદલ મેનેજીંગ ટ્રસ્ટી દર્શન દેસાઇ, સેક્રેટરી સોનલ દેસાઇ, કોલેજનાં ઇ.આચાર્ય ડો. મુકેશ પટેલ અને સમગ્ર કોલેજ સ્ટાફે બંને દીકરીઓને અભિનંદન આપ્યા હતા.

બલવાડા હાઇવે પર કારમાંથી દારૂ પકડાયો

ધેજ : ચીખલી પોલીસ પેટ્રોલિંગમાં હતી. દરમ્યાન બાતમીના આધારે બલવાડા નેશનલ હાઇવે પાસે વોચ ગોઠવતા ક્રેટા કાર નં-જીજે-૧૯-એએફ-૧૯૦૨ આવતા રોકી તલાસી લેતા વિદેશી દારૂની બોટલ નંગ-૧૦૨૦ કિંમત રૂપિયા ૩,૫૦,૬૪૦, કાર, બે મોબાઇલ મળી કુલ રૂપિયા ૮,૬૧,૧૪૦ ના મુદ્દામાલ સાથે મિતકુમાર ઉર્ફે મીતલો માંહ્યાવંશી (રહે. સરોધી માહ્યાવંશી ફળીયું ઉદવાડા તા.પારડી) અને અક્ષય કિશોરભાઇ રાઠોડ (રહે. બલીઠા બગલી ફળીયા તા.વાપી) ની ધરપકડ કરી હતી.જ્યારે કારમાં દારૂ ભરી આપનાર આપી જનાર નસીમુદિન ઉર્ફે આઝાદ લંગડો નિઝામુદિન હાફેઝ (રહે. નવસારી લક્ષ્મી ટોકીઝ પાછળ) તથા કડોદરા ખાતે દારૂનો જથ્થો મંગાવનાર નસીમુદિન ઉર્ફે આઝાદ લંગડો નિઝામુદિન હાફેઝનો માણસને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ પીએસઆઇ-આર.એમ.વાડલે કરી રહ્યા છે.

તસ્કરો છત વાટે ઘરમાં પ્રવેશીને ૧.૫૦ લાખની રોકડ ચોરી ગયા

વલસાડના વશીયર ગામે ચોંકાવનારી ચોરી, સીસીટીવી ફૂટેજમાં શંકાસ્પદ શખ્સ નજરે પડ્યો

વલસાડ : વલસાડ તાલુકાના વશીયર ગામમાં પ્રમુખ દર્શન-૦૪ સોસાયટીમાં આવેલા એક મકાનને નિશાન બનાવી અજાણ્યો તસ્કર છત વાટે ઘરમાં પ્રવેશી લેપટોપ બેગમાં રાખેલી ૧,૫૦,૦૦૦ની રોકડ રકમ ચોરીને ફરાર થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે. બનાવ અંગે વલસાડ રૂરલ પોલીસ મથકે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધાયો છે.

પોલીસ ફરિયાદ અનુસાર, વશીયર ગામ રહેતા અને પારનેરા પારડી સ્થિત હિલ ફર્સ્ટ હોસ્પિટલમાં એડમિનિસ્ટ્રેટર તરીકે ફરજ બજાવતા હર્ષ મુકેશભાઈ નાયક રવિવારે રાત્રે પરિવાર સાથે ભોંયતળિયાના દરવાજા અંદરથી બંધ કરી પહેલા માળે સૂવા ગયા હતા. મોડી રાત્રિ દરમિયાન કોઈ અજાણ્યો શખ્સ મકાનની છત વાટે ઘરમાં પ્રવેશ્યો હતો. તસ્કરે નીચેના રૂમમાં ટી-પોય પર મૂકેલી લેપટોપ બેગમાંથી રોકડા ૧,૫૦,૦૦૦ ચોરી લીધા હતા અને દરવાજો અંદરથી ખોલી ફરાર થઈ ગયો હતો.

સવારે પરિવાર નીચે આવતા દરવાજા ખુલ્લા હોવાનું અને બેગમાંથી રોકડ ગાયબ હોવાનું જણાયું હતું. સામેના મકાનના સીસીટીવી કેમેરા તપાસતાં વાદળી ટી-શર્ટ અને કાળું પેન્ટ પહેરેલો એક અજાણ્યો શખ્સ ઘરનો દરવાજો ખોલીને બહાર નીકળતો નજરે પડ્યો હતો. બનાવ સંદર્ભે વલસાડ રૂરલ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ રશ્મિતાબા ચુડાસમાએ વધુ તપાસ હાથ ધરી છે.

ડાંગ જિલ્લાના ઝરણ ગામની મહિલા બાળક સાથે ગુમ થઇ

સાપુતારા : ડાંગના પોલીસ અધિક્ષક પૂજા યાદવ તરફથી મળેલી એક અખબારી યાદી અનુસાર, ડાંગના ઝરણની ૨૬ વર્ષીય યુવતી ગુમ થયેલી છે. ગુમ થનાર અર્ચના બાગુલ દેખાવે મધ્યમ બાંધાની છે. તથા તેની દિકરી ક્રીશાબેન બાગુલે સફેદ કલરની ટી-શર્ટ પહેરેલી છે. ગુમ થયેલી યુવતી ગુજરાતી, હિન્દી ભાષા તથા ડાંગી બોલી બોલે છે. ઉક્ત વર્ણનવાળી યુવતી મળે તો, આહવાના પોલીસ કંટ્રોલ રૂમ.૦૨૬૩૧-૨૨૦૩૨૨/૨૨૦૬૫૮ તથા વઘઇ પોલીસનો ૦૨૬૩૧ ૨૪૬૨૩૩ ઉપર સંપર્ક સાધવા જણાવાયુ છે.

ડાંગ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં યોજાશે વિશેષ ગ્રામસભા

સાપુતારા : ગાંધી જયંતિ એટલે કે રજી ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ ડાંગ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં વિશેષ ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના સંયુક્ત માર્ગદર્શન હેઠળ જિલ્લાના આહવા, વઘઈ અને સુબીર તાલુકામાં નોડલ તથા લાયઝન અધિકારીઓની નિમણૂંક પણ કરી દેવામાં આવી છે. આ ગ્રામસભામાં મુખ્યત્વે ભારત સરકારના 'રિફોર્મ ઉત્સવ' (Reform Utsav) અંતર્ગત જાહેર સેવાઓ અને સરકારી યોજનાઓને વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવવા માટે ગ્રામજનો પાસેથી કાયમી વહીવટી સુધારા અંગેના સૂચનો લેવામાં આવશે. બાળકો અને સગર્ભા-ધાત્રી માતાઓના પોષણ, શિક્ષણ અને આરોગ્યની સમીક્ષા માટે મહિલા અને બાળસભા યોજાશે. પ્રશાસન દ્વારા ગ્રામસભામાં હાજર રહેવા અપીલ કરવામાં આવી છે.

નવો તાલુકો તો બન્યો પણ નાનાપોંઢામાં ફાયર ફાયટર જ નથ

ભીષણ આગથી નાનાપોંઢામાં હાર્ડવેરનું ગોડાઉન બળીને ખાખ

શોર્ટ સર્કિટના કારણે લાગેલી આગમાં કલર અને પ્લાસ્ટિકનો જથ્થો હોવાથી આગ વિકરાળ બની

વલસાડ : નાનાપોંઢાના વાપી માર્ગ ઉપર આવેલા ચામુંડા ઈલેક્ટ્રિક એન્ડ હાર્ડવેરના એક ગોડાઉનમાં શોર્ટ સર્કિટને લઈ સોમવારે રાત્રે અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી હતી. દુકાન માલિક સહિત આજુબાજુના દુકાનદારો અને સ્થાનિકોએ આશરે 1 કલાક સુધી અલગ અલગ પ્રકારે આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ગોડાઉનમાં કલરનો જથ્થો હોય ફાયર ફાઈટર આવે તે અગાઉ આગ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. બીજી તરફ સ્થાનિક કક્ષાએ ફાયર ફાયટર ન હોય પારડી અને ધરમપુર ફાયર બ્રિગેડને જાણ કરાઈ હતી. જોકે અંતર વધુ હોય તે આવે તે અગાઉ આખું ગોડાઉન બળીને ખાખ થયું હતું. દુકાન સંચાલક દેવેન્દ્ર સિંગએ જણાવ્યું કે, અમારી દુકાન પાછળ જ ગોડાઉન છે, દુકાન બંધ કરતા હતા તે સમયે ગોડાઉનમાંથી ધુમાડો નીકળતા જોતા ત્વરિત પહોંચતા આગ લાગી હોવાનું જણાયું હતું. ઘટના બનતા આજુબાજુના દુકાનદારો અને સ્થાનિકોએ આગ ઓલવવાની કોશિષ કરી પરંતુ ગોડાઉનમાં કલર સહિત પ્લાસ્ટિક સહિતની ચીજવસ્તુઓ હોય આગ વધુ ફેલાઈ હતી. આશરે 1 કલાક બાદ આગ ઓલવાઈ હતી. જોકે અંતર લાંબુ હોય અને રસ્તાઓ વચ્ચે ખાડાઓ પણ હોય બંબો 1 કલાક બાદ આવ્યો હતો. આગને લઈ આશરે પ્રાથમિક તબક્કે 3 થી 4 લાખનું નુકશાન થયું હોવાનું જણાવ્યું હતું. ઘટના સ્થળની મુલાકાતે આવેલા જિલ્લા પંચાયત સભ્ય દક્ષા ચૌધરીએ જણાવ્યું કે, મોટું નુકશાન થયું હતું, ત્યારે તાલુકામાં આગ, અકસ્માત કે આકસ્મિક દુર્ઘટનાઓમાં ફાયર ફાઈટરની આવશ્યકતા રહેલી છે. આ અંગે સંબંધિત વિભાગને દરખાસ્ત કરી સુવિધા લોકો માટે ઉપલબ્ધ કરાશે.

સંક્ષિપ્ત સમાચાર

મંગળા ચોથ નિમિત્તે વલસાડના મોટા ગણપતિ મંદિરમાં ભક્તોની ભીડ ઉમટી

વલસાડ : વલસાડના મોટા બજાર ગણપતિ મંદિરમાં આજરોજ મંગળા ચોથ નિમિત્તે મોટી સંખ્યામાં ભક્તોની ભીડ બાપ્પાના દર્શનાર્થે ઉમટી હતી. સંકટ ચોથને લઈ વિઘ્નહર્તા દેવની પૂજા અને વ્રતનું એક અલગ જ માહત્મ્ય છે. લોકો પોતાના પરિવારની સુખ-સંપત્તિની વૃદ્ધિ માટે ખાસ આ દિવસે બાપ્પાના અચુક દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે વલસાડના મોટા બજાર સ્થિત આવેલા પેશ્વાકાળના ગણપતિ મંદિરમાં વહેલી સવારથી જ ભક્તોની મોટી ભીડ જોવા મળી હતી. વહેલી સવારે બાપ્પાની શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે પૂજા અર્ચના કરી તેમને નયનરમ્ય વસ્ત્રો અને અલંકારનથી શણગાવામાં આવ્યા હતા. ત્યારબાદ મહાઆરતી આયોજીત કરવામાં આવી હતી. ખાસ આજના આ દિવસે બાપ્પાને લાડવા અને મોદક સહિતની વાનગીઓનો ભોગ પણ ધરાવવામાં આવ્યો હતો. સવારથી લઈ રાત્રી દરમ્યાન વલસાડ તથા આસપાસના લોકો બાપ્પાના દર્શનાર્થે આવતા ટ્રાફીકની સ્થિતિ ન વણસે તે માટે વલસાડ પોલીસ દ્વારા પણ વિશેષ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી.

ડુંગરી પોલીસે હત્યાના આરોપીને તલવાર સાથે ઝડપી પાડ્યો

વલસાડ : વલસાડ જિલ્લાના ડુંગરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કુંડી ઓવરબ્રિજ પાસેની 'શિવાંકિત મહાદેવ હોટલ'માં હત્યાનો પ્રયાસ કરીને મહિનાથી નાસતા ફરતા આરોપીને ડુંગરી પોલીસે ઝડપી પાડ્યો છે.ગત તારીખ ૦૧/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રિના સમયે શિવાંકિત મહાદેવ હોટલમાં કામ કરતા આરોપી ભરતકુમાર ગણેશરામ પુરોહિતે બાઇકની ચાવી આપવાની ના પાડવા બાબતે હોટલના મેનેજર સાથે ઝઘડો કર્યો હતો. હોટલના માલિક પ્રદીપસિંહ કરણસિંહ ઠાકોરે વચગાળામાં પડી ઝઘડો કંટ્રોલ કરવાનો પ્રયાસ કરતા આરોપી પોતાની બેગમાં મુકેલી તલવાર વડે તેમના ગળાના ભાગે હુમલો કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે ડુંગરી પી.એસ.આઈ. યુ.એ. પટેલ તથા તેમની ટીમે આરોપી ભરતકુમાર ગણેશરામ પુરોહિત (ઉ. ૩૯, રહે. રાજસ્થાન) ને ગુંદલાવ નેશનલ હાઇવે પાસેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ગુનામાં વપરાયેલી તલવાર પણ જપ્ત કરીને આગળની તપાસ હાથ ધરી છે.

વાપીમાં હવસખોર સાવકા પિતાનું ૧૦ વર્ષીય બાળકી સાથે દુષ્કર્મ

વાપી : વાપી વિસ્તારમાં સાવકા પિતા સાથે રહેતી 10 વર્ષીય બાળકી સાથે દુષ્કર્મ આચર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. બાળકી માસીના ઘરે ગઈ હતી તે દરમિયાન રાત્રિના સમયે એકલતાનો લાભ લઈ સાવકા પિતાએ તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ બનાવને પગલે વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મળતી વિગતો અનુસાર, વાપી વિસ્તારની ચાલીમાં રહેતી 10 વર્ષીય બાળકી તેના સાવકા પિતા સાથે રહે છે. દરમિયાન બાળકી માસીના ઘરે આવી હતી. રાત્રિના સમયે બાળકી એકલી હોવાનો લાભ લઈ તેના સાવકા પિતાએ દાનત બગાડી હતી અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ છે. આ દરમિયાન બાળકી બૂમાબૂમ કરવા લાગતાં મામલો પ્રકાશમાં આવ્યો હતો. ત્યારબાદ બાળકીએ પોતાની સાથે બનેલી ઘટનાની જાણ પરિવારજનોને કરી હતી. બાળકીની આપવીતી સાંભળીને પરિવારજનો ચોંકી ઊઠ્યા હતા. આ ગંભીર બનાવને પગલે પરિવારજનો દ્વારા સાવકા પિતા વિરુદ્ધ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉમરગામમાં ટ્રક ચાલકે બે ગાયને કચડી નાખી

ઉમરગામ : ઉમરગામ ડમરવાડી શ્રીનાથજી ટાવર સામે રાત્રે એક ટ્રક ચાલકે બે ગાયને કચડી નાખી મોત નીપજાવતા પોલીસમાં ફરિયાદ દાખલ થઈ છે. દેહરી ગામે સરકારી દવાખાનાની સામે રહેતા ફરિયાદી આદિલ વાડિયા પોતાની કારમાં સંજાણથી દેહરી આવી રહ્યા હતા ત્યારે રાત્રિના અગિયારેક વાગ્યાના સુમારે ડમરુંવાડી શ્રીનાથજી ટાવર સામે રોડ ઉપરથી પસાર થઈ રહેલી ટ્રક નંબર જીજે 15 એવી 1206 ના ચાલક રવિશંકર યાદવ (રહે ઉમરગામ ગોકુલધામ)એ ટ્રક પૂર ઝડપે અને ગફલત ભરી રીતે બેદરકારીથી હંકારી લાવી રોડ પર બેસેલી બે ગાયને અડફેટે લઈ મોત નિપજાવ્યુ હતુ. જોકે ટ્રકનો ચાલક ટ્રક લઈને સ્થળ ઉપરથી નાસી જતા ફરિયાદી આદિલ વાડિયાએ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરતા કંટ્રોલ રૂમ તરફથી ઉમરગામ પોલીસનો સંપર્ક કરતા પોલીસ દોડી આવી હતી અને ઉમરગામ અકરા મારુતિ ખાતેથી ટ્રક અને ટ્રકના ચાલક તહોમતદાર રવિશંકર યાદવને પકડી પાડ્યો હતો અને ઉમરગામ પોલીસે આ બનાવ સંદર્ભે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ઉમરગામના ગોવાડામાં ગણપતિ વિસર્જન દરમિયાન ચોરી કરનાર શખ્સ પકડાયો

ઉમરગામ : ઉમરગામના ગોવાડામાં સોનાના દાગીનાની ઘરફોડ ચોરી કરનાર શખ્સને પકડી પાડવામાં આવ્યો છે. દેહરીથી પકડાયેલા આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરવામાં ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. ગોવાડા ગોદર ફળિયામાં રહેતા ફરિયાદી વિનોદભાઈ તારીખ 16 સપ્ટેમ્બર 2026 ના રોજ સાંજે ઘર બંધ કરી પરિવારજનો સાથે ગણપતિ વિસર્જનમાં ગયા હતા. તે વખતે ચોર ઈસમોએ ઘરની સ્લાઇડીંગ વિન્ડોમાંથી ઘરમાં પ્રવેશ કરી કબાટ ખોલી સોનાના દાગીના મંગલસૂત્ર વીટી કિંમત રૂપિયા 1,98,090 ની મત્તાની ચોરી કરી નાસી ગયા હતા. ગુનાને ઉકેલવા પીઆઇ એચડી તુવર, પીએસઆઇ જેએસ રબારી તથા પોલીસ સ્ટાફે ટીમો બનાવી ચોરી કરનાર ઇસમની ટેક્નિકલ એનાલિસિસ તથા હ્યુમન સોર્સિસના આધારે તપાસ કરતા ઘરફોર ચોરી કરનાર આરોપી સાગર રાજેશભાઈ પટેલ (ઉ 29 રહે દેહરી પતરાગઢ જૈન મંદિર પાસે ઉમરગામ)ની અટક કરી ચોરી થયેલા સોનાના દાગીના કિંમત રૂપિયા 1,98,090 નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

માલઘરમાં દીપડાએ બળદનું મારણ કર્યું

વલસાડ : વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના માલઘર ગામમાં રહેતા ખેડૂત શિવરામભાઈ ઉદારને ત્યાં રાત્રે આવી પહોંચેલા દીપડાએ બળદ પર હુમલો કરતા બળદનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને કારણે પશુપાલક પરિવારને મોટું આર્થિક નુકસાન થયું છે. ઘટના અંગે ફોરેસ્ટ વિભાગને ઈશ્વરભાઈ ઉદાર અને વિષ્ણુભાઈ જાધવ દ્વારા જાણ કરવામાં આવી હતી. ગ્રામ્ય વિસ્તારમાં ખેતી અને પશુપાલન લોકોની આજીવિકાનું મુખ્ય સાધન હોવાથી બળદનું મોત થવાથી પરિવારને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અસરગ્રસ્ત પશુપાલકને યોગ્ય વળતર ચૂકવવા ઉપરાંત વિસ્તારમાં દીપડાની અવરજવર અંગે જરૂરી તપાસ કરી ગ્રામજનો તથા પશુઓની સુરક્ષા માટે યોગ્ય પગલાં લેવામાં આવે તે જરૂરી છે.